ગાંધીનગર સમાચાર



# તાકીદના વિકાસ કામો માટે સરપંચને ખર્ચ પેટે રૂ. ૧૦ હજાર અપાશે

**પંચાયત વિભાગ દ્વારા ગ્રામીણ સ્તરની સંસ્થા માટે લેવાયેલો મહત્વનો નિર્ણય**

ગાંધીનગર, તા.૧૫

રાજયમાં સ્થાનિક સ્વરાજયની પાયાની સંસ્થા ગ્રામ પંચાયતોના સરપંચોને તાકીદના લોકોપયોગી કામો કરવા સરપંચશ્રીઓને વિવેકાધીન ખર્ચ રૂ. ૧૦ હજારની મર્યાદામાં કરવાનો મહત્વનો નિર્ણય રાજય સરકારે કર્યો છે.

પંચાયત વિભાગના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે દરેક જિલ્લાની ગ્રામ પંચાયતોની સંખ્યાને ધ્યાને રાખી આ અંગેની ગ્રાન્ટની ફાળવણી પણ વિકાસ કમિશનરશ્રીની કચેરી દ્વારા કરી દેવામાં આવી છે.

રાજયમાં સ્થાનિક સ્વરાજયની તાજેતરમાં યોજાયેલ ચૂંટણીમાં સત્તાધારી ભાજપની થયેલી પીછેહઠ પછી ગ્રામીણ વિસ્તાર પરની પક્કડને પુનઃ પ્રસ્થાપિત કરવા સરકારે વ્યુહાત્મક તકે આ મહત્વનો નિર્ણય કર્યો હોવાનું પંચાયતના રાજકીય વર્તુળો જણાવી રહ્યા છે.

રાજયમાં ૧૩ હજારથી વધુ ગ્રામ પંચાયતોની ચૂંટણી આગામી વર્ષમાં યોજાવાની છે. ત્યારે રાજય સરકારનો આ નિર્ણય મહત્વનો પુરવાર થશે. પંચાયતોના સરપંચોને આ નિર્ણયથી સત્તામાં વધારો થશે તેમજ પંચાયતોની આર્થિક સ્થિતિમાં પણ સુધાર આવશે તેવી દલીલો સરકારી તંત્રના સૂત્રો કરી રહ્યા છે.

દરમિયાન ગાંધીનગર જિલ્લામાં ૩૦૨ ગ્રામ પંચાયતો હોઈ જિલ્લાને આ નિર્ણય અંતર્ગત ત્રીસ લાખથી વધુ રકમની ફાળવણી કરી દેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

બીજી તરફ રાજય સરકારે સમરસ ગ્રામ પંચાયતોને અનુદાન આપવાની નીતીને લઈ પણ કેટલાક મહત્વના નિર્ણયો કર્યા હોવાનું પંચાયત વિભાગના સૂત્રોએ જણાવ્યું છે.

જિલ્લામાં ૧૩મા નાણાં પંચને વિકાસના કામો માટે ૭૦ ટકા રકમ ફાળવવામાં આવે છે હવે વિકાસના તાકીદના લોકોપયોગી કામો માટે સરકારે સરપંચોને પણ સીધા રૂ. ૧૦ હજાર આપવાનો નિર્ણય કર્યો છે.


(તસવીર : કશ્યપ નિમાવત)

ગાજર - શિયાળામાં ગાજર ઉત્તમ ગણાય છે... જમવાની થાળીમાં ગાજરનું કચુંબર કે સલાડમાં ગાજર ઉત્તમ ગણાય છે... ગાજર તો એમ જ ખાવાની મજા જ પડે... ગાજરનું અથાણું, ગાજરનો હલવો શિયાળામાં સૌને ભાવે... અને એટલા જ માટે ગાજર શિયાળામાં લોકભોગ્ય ફળ ગણાય છે... આજકાલ ગાંધીનગરના બજારમાં ગાજર વિપુલમાત્રામાં વેચાય છે...

# આજથી કમુહર્તા : ધનના સૂર્યમાં કરેલા કર્મોનું સહસ્ત્રગણું પુણ્ય પ્રાપ્ત થાય

**લગ્ન, વાસ્તુ, નવગૃહપ્રવેશ જેવા સાંસારિક કાર્યોનો નિષેધ : પીપળાના વૃક્ષ તેમજ સાંયકાળે દિપ પૂજન કરવાથી જીવન અને વેપારના અવરોધો દૂર થાય છે**

ગાંધીનગર, તા. ૧૫

આજથી સૂર્યનો ધનરાશિમાં પ્રવેશ થશે એટલે કમુર્તાનો પ્રારંભ થઈ જશે. સતત એક મહીના સુધી શુભ કાર્યો પર બ્રેક લાગી જશે. ધનુરમાસ તરીકે ઓળખાતા આ સમયગાળા દરમિયાન સૂર્ય ધનરાશિમાં પ્રવેશતા સાંસારિક કામો જેવા કે લગ્ન, વાસ્તુ, નુતનગૃહપ્રવેશ પર નિષેધ હોય છે. જયારે આ સમય દરમિયાન ભગવાન વિષ્ણુ તેમજ લક્ષ્મી નારાયણનું પૂજન કરવાનો પણ વિશેષ મહીમા છે. સાંયકાળમાં કાંશ્ય પાત્ર દિપ પૂજા કરવાથી જીવન તેમજ વેપારમાં આવતા અવરોધો પણ દૂર થાય છે.

વર્ષ દરમિયાન બે પ્રકારના કમુર્તાનો સમય આવે છે. જેમાં ધનારક અને મિનારકના નામે ઓળખાય છે. જેમાં ૧૬ ડિસેમ્બરથી ૧૪ જાન્યુઆરી દરમિયાનના સમયગાળાને ધનારક તરીકે ઓળખવામાં આવે છે. આ દરમિયાન સૂર્ય ધન રાશિમાં હોવાથી ૧૬ ડિસેમ્બરથી ઉત્તરાયણ સુધી શુભ કામો થઈ શકતા નથી. આ સમયગાળા દરમિયાન સામાન્ય રીતે લગ્નપ્રસંગ કે નવા વાહનની ખરીદી તેમજ નવગૃહપ્રવેશ કરવાનો નિષેધ હોય છે. આ દરમિયાન સૂર્યનો ધન રાશિમાં પ્રવેશ થતો હોવાથી પશ્ચિમ દિશાની રાશિમાં સૂર્ય યક્ષમાં જાય છે. સૂર્યના કીરણો અતિચક્રમાં પડતા હોવાથી શુભ કામો થઈ શકતા નથી. મહાભારતનું યુદ્ધ પણ આ માસમાં જ થયું હોવાથી ભયંકર રક્તપાત થયો હતો. આ અંગે જાણીતા જ્યોતિષી હરેશભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે ધનનો સૂર્ય હોય ત્યારે સાંસારિક કામો ન થાય જેમાં લગ્ન, વાસ્તુ, નવગૃહપ્રવેશ થઈ શકતો નથી. જો કે આ દરમિયાન કરેલા સતકર્મોનું સહસ્ત્રગણુ પુણ્ય પ્રાપ્ત થાય છે. આ સમય યાત્રા માટે શુભ હોય છે. જ્યારે સોમવારના દિવસે પીપળાના વૃક્ષનું પૂજન કરવાથી પણ લાભ થાય છે. પીપળના વૃક્ષના પૂજન ઉપરાંત સાંજના સમયે કાંસાના પાત્રમાં દિપ પૂજા કરવાથી જીવનકાળ તેમજ વેપારમાં આવતા અવરોધો પણ દૂર

● અનુસંધાન પાન-૭ પર

# સે. ૨૪માં ઈન્દિરાનગર વસાહતમાં સી.સી. રોડનું અમુક કામ શરૂ કરાયું

**સી.સી. રોડના કામને પૂર્ણ કરવા ૮૮ લાખ ખર્ચાશે**

ગાંધીનગર, તા. ૧૫

સે. ૨૪માં સી.સી. રોડનું બાકી કામ શરૂ કરી દેવાયું છે. સેક્ટરના ઈન્દીરાનગર વિસ્તારમાં સી.સી. રોડનું અમુક કામ ટુંકમાં પૂર્ણ કરી દેવાશે. રોડના બાકી કામને પુરૂ કરવા માટે વિભાગ દ્વારા ૮૮ લાખના ખર્ચને મંજુરી આપવામાં આવી છે.

શહેરના સે. ૨૪માં દાયકાઓના અંતે માળખાગત સુવિધાના કામો હાથ ધરવામાં આવ્યા છે. ગત વર્ષ દરમિયાન સેક્ટરમાં બે દાયકા બાદ સ્ટ્રીટલાઈટનું કામ પૂર્ણ થતા સેક્ટરની શેરીઓમાં અજવાળુ પથરાયું હતું. સે. ૨૪ પાટનગરનો એક હીસ્સો હોવા છતાં વિકાસથી વંચિત રહી ગયું હોવાનો આક્રોશ સેક્ટરવાસીઓમાં પ્રબળ બન્યો હતો. સેક્ટરમાં વર્ષોના અંતે આંતરિક રસ્તાઓનું અસ્તિત્વ ભુલાઈ ગયું હતું. આવા સંજોગોમાં સેક્ટરમાં નવા સી.સી. રોડ બનાવવા પ્રબળ માંગ ઉઠવા પામી હતી.

ગત વર્ષ દરમિયાન માર્ગ-મકાન વિભાગ દ્વારા સેક્ટરમાં સી.સી. રોડ બનાવવા રૂ. ૨ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી હતી. પરંતુ સેક્ટરના ઈન્દીરાનગર વસાહત સહીતના ભાગમાં સી.સી. રોડનું કામ પર્યાપ્ત બજેટના અભાવે અધુરૂ રહી ગયું હતું. જ્યારે સી.સી. રોડનું કામ પૂર્ણ કરવા તંત્ર દ્વારા માર્ગ-મકાન વિભાગને જરૂરી ખર્ચને મંજુરી આપવા દરખાસ્ત કરવામાં આવી હતી. આ દરખાસ્તને ધ્યાને લઈ વિભાગ કક્ષાએથી સી.સી. રોડના કામને પૂર્ણ કરવા રૂ. ૮૮ લાખના ખર્ચને મંજુરી આપવામાં આવી હતી. જે અન્વયે સેક્ટરનો સી.સી. રોડનું બાકી કામ પૂર્ણ કરવા કામ શરૂ કરી દેવામાં આવ્યું છે. રસ્તા અને લાઈટનું કામ પૂર્ણ થયા બાદ સેક્ટરમાં દબાણની સળગતી સમસ્યા હજુ યથાવત છે.

# શહેરમાં ઠંડીનો ચમકારો યથાવત

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરમાં આજે સતત ચોથા દિવસે કડકડતી ઠંડીનો અનુભવ નગરજનોએ કર્યો હતો. આજે ઠંડીની સાથે સાથે તેજ ગતિએ પવન ફૂંકાતા નગરજનો ઘરમાં પુરાઈ રહ્યા હતા. ગાત્રો થીજવતી ઠંડીની અસર જનજીવન પર જોવા મળી હતી. આજે શહેરનું લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી જેટલું નોંધાયું હતું.

જમ્મુ કાશ્મીરમાં થઈ રહેલી હિમવર્ષાને કારણે સમગ્ર ઉત્તર ભારત ઠંડીની ઝપેટમાં આવી ગયું છે. આ ઠંડીની લહેર ગુજરાતમાં પણ ફરી વળી છે. સમગ્ર ગુજરાતી પ્રજા ભારે ઠંડીનો સામનો કરી રહી છે. ત્યારે ઠંડીથી રક્ષણ મેળવવા લોકો તાપણા કરી રહ્યા છે. ગાંધીનગર શહેરમાં છેલ્લા ચાર દિવસથી ઠંડીની ઝપટે ચડ્યું છે. ઠંડા પવનોના કારણે પરિસ્થિતિ વિકટ બની છે. દિવસ દરમ્યાન નગરજનો પણ ગરમ કપડામાં સજ્જ જોવા મળે છે. શહેરમાં વસતા શ્રમજીવી પરિવારોની હાલત કફોડી બની છે. ઠંડીની સીઝનમાં જ દબાણ વિભાગ ત્રાટકતા ઝુંપડા તોડી નાંખતા પરિવારને અન્યત્ર ખસેડી ઠંડીમાં હૂંફ આપતા નજરે પડે છે. જમ્મુ-કાશ્મીરમાં હિમવર્ષા બંધ થાય પછી જ ઠંડીમાં રાહત નગરજનોને મળી શકે છે. આજે લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી ડિ.સે. નોંધાયું હતું.



પુષ્પાંજલિ - દેશના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પુણ્યતિથિએ પુષ્પાંજલિ કાર્યક્રમ રાજ્યભરમાં યોજાયા હતા. શાહીબાગ સરદાર સ્મારક ખાતે રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે સરદાર સાહેબને ભાવભીની અંજલિ આપી હતી. આ પ્રસંગે પૂર્વ કેન્દ્રીય મંત્રી અને સરદાર સ્મારક ટ્રસ્ટના ચેરમેન દિનશા પટેલ સહિત ટ્રસ્ટીઓ અને અગ્રણી ઉપસ્થિત રહ્યા હતા.

# દિલ્હીમાં સીબીઆઈની રેડના વિરોધમાં ગાંધીનગરમાં સૂત્રોચ્ચાર


(તસવીર : કશ્યપ નિમાવત)

**સત્યાગ્રહ છાવણી સે. ૬ ખાતે આપ કાર્યકરોએ વિરોધ પ્રદર્શન કર્યો : સીબીઆઈને પાંજરામાં પુરાયેલા પોપટ ગણાવી આમ આદમી પાર્ટી આજે અનોખો વિરોધ પ્રદર્શન કરશે : રાજ્યભરમાં પક્ષીને પાંજરામાંથી મુક્ત કરી વિરોધ કરાશે**

ગાંધીનગર, તા. ૧૫

દિલ્હીમાં મુખ્યમંત્રી કાર્યાલય પર સીબીઆઈએ દરોડો પાડી ચીફ સેક્રેટરી રાજેન્દ્રજીની ઓફીસ ફંફોસી નાંખી હતી. ભાજપ સરકાર સીબીઆઈનો દુરૂપયોગ કરતી હોવાના આક્ષેપ સાથે આજે ગુજરાતભરમાં આમ આદમી પાર્ટીના કાર્યકરોએ વિરોધ પ્રદર્શન માટે બેનરો સાથે સૂત્રોચ્ચાર કર્યો હતો. રાજ્યના પાટનગર ગાંધીનગરમાં સત્યાગ્રહ છાવણી ખાતે આમ આદમી પાર્ટીએ વિરોધ પ્રદર્શન માટે પૂતળાદહન માટે તૈયારી કરી હતી પરંતુ પોલીસ પહોંચી ગઈ હોવાથી કાર્યક્રમ રદ થયો હતો. તેને બદલે હોર્ડીંગ્સ દ્વારા તથા સરકાર સામે સૂત્રોચ્ચાર કરી કાર્યકરોએ વિરોધ પ્રદર્શન કર્યો હતો.

દિલ્હીમાં સીબીઆઈની રેડના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. જે વખતે કોન્ટ્રાક્ટો આપવામાં રાજેન્દ્રજીએ ભ્રષ્ટાચાર કર્યો હતો ત્યારે દરોડા પાડવાના બદલે હવે આમ આદમી પાર્ટીની સરકાર બન્યા બાદ દરોડા ઈરાદાપૂર્વક કેન્દ્ર સરકારના ઈશારે પાડવામાં આવ્યા હોવાનો આમ આદમી પાર્ટીનો આક્ષેપ છે. સીબીઆઈ પાંજરામાં પુરાયેલા પોપટ હોવાનું જણાવી પ્રતિકરૂપે આવતીકાલે બુધવારે રાજ્યભરમાં આમ આદમીપાર્ટીના કાર્યકરો દ્વારા પાંજરામાંથી પક્ષી મુક્ત કરી અનોખી રીતે વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. ગાંધીનગરના સક્રીય આપ કાર્યકર પિયુષભાઈ વ્યાસના જણાવ્યા મુજબ ગાંધીનગરમાં પણ આ કાર્યક્રમ કાલે કરવામાં આવશે. આજે સેક્ટર-૬ સ્થિત સત્યાગ્રહ છાવણીમાં કેન્દ્ર સરકાર અને સીબીઆઈ વિરૂદ્ધના લખાણ લખેલા બેનરો અને સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યો હતો. પુતળા દહન માટેની તૈયારી સાથે આવેલા આમ કાર્યકરો મેદાનમાં પહોંચે તે પહેલા પોલીસ પહોંચી ગઈ હોવાથી પૂતળા દહન કાર્યક્રમ કરી શક્યા ન હતા.

**જાહેર હરાજી**

ગૂજરાત વિદ્યાપીઠ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, રાંધેજા, તા.જી. ગાંધીનગર ખાતે ફળાઉ ચીકુના ઝાડ (૪૨૫ ઝાડ) જુન-૨૦૧૭ સુધી અને લીંબુના ઝાડ (૧૨૫ ઝાડ) જુન-૨૦૧૮ સુધી ઝાડ ઉપરથી ફળ ઉતારવાનો ઈજારો આપવા માટેની જાહેર હરરાજી તા. ૨૪/૧૨/૨૦૧૫ના રોજ બપોરે ૩-૦૦ કલાકે યોજેલ છે. રસ ધરાવતી સંસ્થા / વ્યક્તિઓએ વધુ માહિતી માટે કાર્યાલયનો સંપર્ક કરવો.

ટેલીફોન નં. (૦૭૯) ૨૩૯૭૫૨૨૩ નિયામક

**એન્જિનિયર જોઈએ છે**

ગાંધીનગર જીલ્લાની સાઈટ માટે ગાંધીનગર ખાતે રહેતા બિલ્ડીંગ કામના લાઈન આઉટ, પ્લાન તથા એસ્ટીમેટના અનુભવી અને કોમ્પ્યુટરના જાણકાર એન્જિનિયર તાત્કાલિક જોઈએ છે.

સંપર્ક : ૯૬૨૪૯ ૭૩૪૧૦

# કપાસ પકવતા ખેડુતોને રાહત પેકેજ આપવા માટે તૈયારી

**૭૫૦ કરોડથી વધુનું પેકેજ મળે તેવા સંકેત : આનંદીબેન પટેલ અંતિમ નિર્ણય કરે તેવા સ્પષ્ટ એંધાણ, વિવિધ કિસાન સંઘના આગેવાનો અને હોદેદાર દ્વારા માંગ**

ગાંધીનગર,તા.૧૫

કપાસના ખેડૂતોને સંતુષ્ઠ કરવાના હેતુસર જંગી પેકેજની જાહેરાત ગુજરાત સરકાર કરે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ ૭૫૦ કરોડનું રાહત પેકેજ જાહેર થઈ શકે છે. આ અંગેનો અંતિમ નિર્ણય મુખ્યમંત્રી આનંદીબેન પટેલ લેશે.ગયા વર્ષે રાજયના કપાસના ખેડુતો સહિત તમામ ખેડુતો માટે ૧,૧૦૦ કરોડના રાહત પેકેજની જાહેરાત થઈ હતી. જેમાં વાર્ષિક લાઈટબીલના ૫૦ ટકા રાહત તરીકે ૫૦૦ કરોડ તથા બેંકો પાસેથી મેળવાયેલ કૃષિ ધિરાણમાં ૨ ટકા વ્યાજસહાય પે ૬૦૦ કરોડ આપવાની જાહેરાત થયેલી. લેટેસ્ટ રિપોર્ટ પ્રમાણે સરકારે જાહેરાત અંતર્ગત વીજબિલ સહાયપે ૫૦૦ કરોડ ખર્ચા છે. પણ બેંકોની લાલિયાવાડીને કારણે ધિરાણ સહાય પાછળ માત્ર ૨૨૫ કરોડ ખર્ચા છે. સરકારને રજુઆતો એવી થઈ છે કે, ગયા વર્ષે સૌથી વધુ અસરગ્રસ્ત કપાસના ખેડુતો હતા. પણ રાહતપેકેજનો લાભ બધા ખેડુતોને અપાયો હતો. એટલે આ વખતે રાહત પેકેજ માત્ર કપાસના ખેડુતો પુરતુ સમિત રાખવું. આ રજુઆતોને લીધે રાહત માત્ર કપાસના ખેડુતોને આપવાનું જ વિચાર્યું છે. કપાસના ટેકાનો ભાવ કેન્દ્ર સરકાર દ્વારા ૨૦ કિલોએ ૮૧૦ જાહેર થયેલો છે. રાજય સરકાર પોતાની રીતે ૨૦ કિલો યાને મણદીઠ ૧૦૦ રાહત કે બોનસપે વધુ ભાવ ચુકવે તો તેને ગયા વર્ષની માફક ૭૨૫ કરોડ જેટલો જ બોજો ઉપાડવાનો આવે તેવી ગણતરી મુકાઈ છે.

ગયા વર્ષે રાજયમાં ૧૭૦ કિલોની એક એવી ૯૫ લાખ ગાંસડી કપાસનું ઉત્પાદન થયું હતું. આ વર્ષે ૨૦૧૫ની ખરીફ સિઝનમાં ૨૭ લાખ હેક્ટરમાં કપાસનું વાવેતર થયું હતું. આ વર્ષે ૨૦૧૫ની ખરીફ સિઝનમાં ૨૭ લાખ હેકટરમાં કપાસનું વાવેતર થયું હતું. પરંતુ કુદરતી આપતિના કારણે તથા ગુલાબી ઈયળના રોગના લીધે ૮૦ લાખ ગાંસડી ઉત્પાદન થવાનો અંદાજ મુકાયો છે.

જેને આધારે રાહત પેકેજના લીધે ૭૨૫ કરોડથી ૭૫૦ કરોડના બોજાની ગણતરી થઈ છે. એમપણ જણાવાઈ રહ્યું છે કે, ૨૭ લાખ હેકટરમાં કપાસનું વાવેતર થયું હતું. તે પૈકી ૨.૪૭ લાખ હેકટરમાં નાના અને સીમાંત ખેડુતો દ્વારા ૫.૭૯ લાખ હેકટરમાં માધ્યમ કક્ષાના ખેડુતો દ્વારા ૧૯ લાખ હેકટરમાં મોટા

● અનુસંધાન પાન-૭ પર

# મનપા દ્વારા સેન્ટ્રલ વિસ્ટામાં સરદારને પુષ્પાંજલિ અપાઈ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આજે સરદારની પુણ્યતિથી નિમિત્તે સેન્ટ્રલ વિષ્ટામાં સરદારની પ્રતિમા નજીક પુષ્પાંજલિ અર્પી નાનકડો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

સરદાર પટેલની પુણ્યતિથિ નિમિત્તે યોજાયેલા આ કાર્યક્રમમાં મેયરશ્રી હંસાબેન મોદી, ડે. મેયરશ્રી કાર્તિક પટેલ, પૂર્વ મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા, સ્ટેન્ડીંગ કમિટીના રાકેશ પટેલ, ગુડાના ચેરમેનશ્રી આશિષ દવે, ધારાસભ્યશ્રી અશોક પટેલ, કોર્પોરેશન પક્ષના નેતા શ્રી ગોવિંદભાઈ પરમાર કાઉન્સીલરો શ્રી સુરેશ મહેતા, શ્રી દેવેન્દ્રસિંહ ચાવડા, શ્રીમતી પરાગીબેન પંડયા, શ્રીમતી રમીલાબેન પરમાર, મ્યુનિ. કમિશનર શ્રી જી.આર. ચૌધરી તથા અન્ય અધિકારીઓ અને શાળાના બાળકો હાજર રહ્યા હતા.

આ પ્રસંગે વકતાઓએ સરદારનું જીવન અને પ્રેરક કથાઓનો ઉલ્લેખ કરી દ્રઢ મનોબળ કેળવવા પર ભાર મુકયો હતો.

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com